રાજા

અભયસિંહજી

નાટકનાં ગાયનો.

રચનાર

મર્હુમ શ્રીયુત

ડાહ્યારામ ભાઇચંદ આમલીવાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

'સુરત' સુંદર વિલાસ નાટક કંપની માટે,

માલીક

ધીરજલાલ અ રતલાલ શાહ.

હક્ક સ્વાધિન. આવૃત્તિ ત્રીજી પ્રત ૧૦૦૦.

કરાંચી:

[illegible]રૂન પ્રીન્ટીંગ પ્રેસમાં [illegible] છાપ્યું

સંવત ૧૯૬૭ ઇ. સ. ૧૯૧૦

કીંમત બે આના.

મુખ્ય પાત્રોનાં નામ

—પુરૂષ વર્ગ—

સુત્રધાર	નાટ્યારંભે ઇશ્વર સ્તવન કરનાર
ચંપકસિંહ	ચંપાવતી નગરીનો રાજા
અભયસિંહ, કેશરીસિંહ	ચંપકસિંહના પુત્રો
દેશળ	નિમકહરામ ખવાસ
મફતચંદ	ચંપાવતી નગરીનો નગરશેઠ
સત્યસિંહ	સારંગપુરનો રાજા અને ચંદ્ર[વદની]નો બાપ.
શેરખાં, બશેરખાં	દેશળના ખાનગી સીપાઇઓ
બુદ્ધિસાગર	ચંપકસિંહનો પ્રધાન
રણજીતસિંહ	સૈન્યાધિપતી

—સ્ત્રી વર્ગ—

નટી	સુત્રધારની સહધર્મચારિણી
કળાવતી	અભયસિંહની સ્ત્રી
રૂપસુંદરી	અભયસિંહની બેન
ઉર્વસી, ગુલઝાર	પરીઓ
સીવલી	એક કુલટા કણબણ
ચંદ્રવદની	સારંગપુરના રાજા સત્યસિંહની પુત્રી
ધનગૌરી	મફતચંદની સ્ત્રી
તારાલક્ષ્મી	મફતચંદના છોકરાની સ્ત્રી

અવશેષ વર્ગ—જીન, ભુતો, મહાજન, કમાન્ડીયર, સ્ત્રીઓ, દરબારીઓ, રાક્ષસો, દાસ દાસીઓ, ચોપદારો વગેરે

મહારાજા, અભયસિંહજી

ખેલનો ટુંક સાર.

પ્ર૦ ૧ લો—સુત્રધાર અને બાળકીઓ વસ્તુ નિર્દેશ સહીત પ્રભુ સ્તવન કરેછે.

પ્ર૦ ૨ જો—મહારાજા અભયસિંહજીની રાણી કળાવતીની દાસી ચતુરા તથા દેશળ ખવાસની ખટપટ ને મોટીમોટી આશાઓમા ગીરફતારી

પ્ર૦ ૩ જો—દેશળ ખવાસે આવી કળાવતી પાસે અયોગ્ય પ્રેમની માગણી કરવી, ને પ્રતિ ઉત્તરમા અપુર્વ ધીટકાર સહીત દેશળ ખવાસનુ મ્હેલ બહાર નિકળવું. અભયસિંહે આ વાત જાણવી ને ક્રોધે ભરાવુ

પ્ર૦ ૪ થો—અભયસિંહજી દેશળ ખવાસને મળી કેટલોક ખુલાસો મેળવે છે ને તેને સખત વચનપ્રહારથી ઘાયલ કરેછે આથી દેશળ ખવાસ ઉશ્કેરાઇ જઇ અભયસિંહ તથા કેશરીસિંહને ઠાર કરી રાણી કળાવતીને પોતાને તાબે કરવાના નિશ્ચય ઉપર આવી જાયછે, ને ચપકસિંહજીને દીવાના બનાવી રાજ્ય લગામ પોતાને હસ્તક લેવાની યુક્તિ ગોઠવેછે.

પ્ર૦ ૫ મો—અભયસિંહ અને કેશરીસિંહ બને ભાઇઓ પનઘટ ઉપર હવા ખાયછેત્યા મફતચદ નગર શેઠના પુત્રની સ્રી તારાલક્ષ્મી પાણી ભરવા આવેછે. તેના સૌંદર્યથી મોહીત થઇ બને રાજકુમારો તેને રોકી જબરાઇથી નામ પુછેછે.

પ્ર૦ ૬ ઠો—દેશળ ખવાસની અને શીવલી સટાકની મુલાકાત. તારાલક્ષ્મીના કુટુબીઓને ઉશ્કેરી અભયસિંહ તથા કેશરીસિંહને દુખ દેવાની પ્રપચી ફરેબ, ને તેમા સાક્ષી આપવાને શીવલીની અપુર્વ હાશ.

પ્ર૦ ૭ મો—તારાલક્ષ્મીના સાસરાઓની દોડધામ ઉલટ પાલટ તપાસ. નાનકડા પતિની લાતલાતા સાચી હકીકત ખુલ્લી થાયછે. દેશળ ખવાસ આવી તેમા લાગતામાં ઘી હોમી સર્વેને ચપક. સિંહજી પાસે ફરીઆદ કરવા મોકલેછે.

પ્ર૦ ૮ મો—સાજન મહાજન ભેગું થઇ દરબારમા ફરીઆદ જવા નીકળેછે

પ્ર૦ ૯ મો—મહારાજા રૂપકસિંહજીના દરબારમા મહાજન ફરીઆદ આવેછે આથી મહારાજા કોપયમાન થઇ બને કુવરને બોલાવરાવી તમને બાર વરસ દેશ નીકાલની સજા કરેછે

પ્ર૦ ૧૦ મો—દેશ નિકાલ થએલા કુવરાને દેખાવ ખોટો પ્રેમ બતાવી તેમને વિચારમ ઠગે છે ને તમના હિતનો ને બીજી તરફથી નાશ કરવાના પગલા ભરેછે.

પ્ર૦ ૧૧ મો—બને કુવરોએ દેશ નિકાલ નિકળતા પેહેલા પોતાની બેન રૂપસુંદરીની મુલાકાતે જવુ. બેનનુ દીલગીર થવુ ને નાઇલાજ વિદાયગીરી આપવી રાણી કળાવતીએ અકસ્માતથી ગભરાવુ ને અભયસિંહના છેલ્લા આશ્વાસનના શબ્દોથી નિરાશ થઇ વિયોગ દુખ સહન કરવુ

અંક બીજો.

પ્ર૦ ૧ લો —દેશનીકાલ થએલ બંને કુવરોનુ એક દરીઆ કીનારે આવવુ નહાવા જતા અભયસિંહનુ એકાએક તણાઇ જવુ કેશરીનુ કલ્પાન્ત ને આગલ જવા અધીરતાનુ અવલંબન

પ્ર૦ ૨ જો—સારંગપુરના રાજા સત્યસિંહજીની પુત્રી ચંદ્રવદનીનુ સાહેલીઓ સાથે બગીચામા ફરવા આવવુ એકાએક તેના ઉપર વાઘની તરાપ ને તેના પંજામાથી કેશરીસિંગ તેને છોડાવવી પરસ્પર સ્નેહ બંધાવો ને ઉપકારના બદલામા સત્યસિંહજીને મુલાકાતથી ઓળખાણ

પ્ર૦ ૩ જો—દેશળ ખવાસને પોતાના જાસુસો તરફથી કેશરીના સમાચાર મળેછે, ને તે ઉપરથી પોતે ફકીરને વેશે સારંગપુર જવા નીકળ

પ્ર૦ ૪ થો—ફકીર વેશે નીકળેલા દેશળને કેશરી મળેછે ને તેનુ ભવિષ્ય ભાખી તેને મોટી મોટી આશાઓની લાલચ આપી, હાથે તાવિજ બાંધે છે બીજી તરફથી સન્યાસી થઇ સત્યસિંહને મળી કેશરીનુ નિકંદન કાઢવાના યુક્તિ ગોઠવે છે

પ્ર૦ ૫ મો—કેશરીની ઉદાસી. ચંદ્રવદનીની તે વિષે પુછપાછ પાછળથી

સત્યસિંહનું સન્યાસી સહીત પ્રવેશનું, ને કેસરીને સન્યાસી વેષે આવેલા દેશળના કહેવાથી સન્યસિંહે મુસલમાનને પુત્ર માનવો તાવિજની સાબીતીથી કેશરી ચડાળને હાથે સપાયક, ને હરખાતો દેશળ પમાર થાય છે

પ્ર૦ ૬ ઠો—દેશળનું નિર્દયગણ ભુવા પાસે આવવું રાજાને ગાંડા બનાવવાનો જાળ બનાવરાવવો ને પોતાના ભવિષ્યને માટે ફુલવું

પ્ર૦ ૭ મો—ચાડળોએ કેશરીને અઘોર જંગલમાં લઈ જવો તલવાર ચલાવતા અકસ્માત એકાએક પીરનું પ્રગટ થવું, આથી ચાડાળોનું ગભરાવું ને નાસવું પીરની પ્રસન્નતાથી કેશરીનું હરખાવું ને આફતમાં રક્ષણ કરનારી લાકડી વડે રંજન થવું

પ્ર૦ ૮ મો—ખલાસીઓના વહાણના આધારે બચેલા અભયસિંહનું જંગલમાં આવવું ત્યાં ગુફામાંથી નીકળતી ઉર્વશીનું મળવું ને રાક્ષસોની નિર્દયતા જણાવી તેણે અભયસિંહને ચાલ્યા જવાનું જણાવવું કારણની તપાસ કરી અભયસિંહે ઉર્વશીના રક્ષણમાં સંતાવું મોતનું સબળ કારણ અજમાવવું ને આવતા રાક્ષસનું પાયમાલ થવું અભયસિંહની બહાદુરીથી ઉર્વશીના પ્રેમ બાગનું વૃદ્ધિ પામવું ને ઉર્વશીએ પોતાની બ્હેન ગુલઝારની મુલાકાતે અભયસિંહને લઈ જવો.

પ્ર૦ ૯ મો—સુતેલી ગુલઝારના સ્વપ્નમાં અભયસિંહને મુકી ઉર્વશીનું ચાલ્યા જવું ગુલઝારના હૃદયની વાડી બની અભયસિંહે સંતાઈ જવું ગુલઝારનું જાગવું સાહેલીઓને પુછવું સર્વની અણજાણ બાદ ઉર્વશીનું પ્રગટ થવું ને હાસી સહીત અભયસિંહને ઓળખાવવો પરસ્પર પ્રેમ કર્ષણ. પરીક્ષાની કસોટી રાક્ષસોની સતાવણી ને છેવટ બનેનો હાસ્ય વિનોદ.

અંક ત્રીજો

પ્ર૦ ૧ લો—શીવલી સટાક પટલેખુને ત્યાં દેશળના પવરામણી જોટે જોટાની જોડ તોડ અભયસિંહજી સિંહલદ્વીપમાં છે એવી ખબર દેવી, ને તેની તપાસમાં રોરખા સાથે શીવલીને જવા વિનવવી બાદ કકાસીઆ કુટુંબની ફજેતી ને અરસ

પરસની મ્હોકાણુંમા ને શીવલીનુ સટકી જવુ.

પ્ર૦ ૨ જો—બશીરખાંનું કળાવતીના મહેલમા આવવુ ને તેને ઊંઘતી ઉપાડી જવી

પ્ર૦ ૩ જો—દેશળનુ તથા ચપકસીંહનુ મળવુ દિવના ચપકસિહને ઉલટ પાલટ સમજાવી તેમના હુકમથી પ્રધાનને તથા, સેનાપતીને જકડી લેવાનુ કાવતરૂ રચવુ

પ્ર૦ ૪ થો—ગુલઝાર તથા અભયસિહનો પ્રણય, સ્નેહદરશન અને અલૌકીક વિહાર બાદ શીવલી તથા શેરખાનુ પ્રવેશવુ. બેભાન બનાવનારી દવા વડે ગુલઝાર અને અભયને પરવશ બનાવી તેમને અધ્ધર ઉપાડવા

પ્ર૦ ૫ મો—લશ્કરપતિને દેશળે રાજાનો હુકમ બતાવી લશ્કર મેળવવુ. ને તેવડે પોતાનુ પ્રાબલ્ય અને ભાગ્ય વધશે એમ અનુમાન બાંધી ચકડોળ ચઢવુ

પ્ર૦ ૬ ઠો—પ્રધાન તથા સેનાપતીએ કળાવતીને છોડવવા વિચાર કરવા. દેશળનુ ત્વરાથી આવવુ ને તેમને બધન કરવા.

પ્ર૦ ૭ મો—કળાવતીનુ જાગ્રત થવુ બશીરખાએ આસ્વાસન આપવુ દેશળનુ આવવુ, ને તેણે પ્રેમની માગણી કરવી કળાવતીએ તેને સમજાવવો, તે નહિ મનતા તેણે તાબે કરવાની મુદત જણાવવી બાદ કેસરીનુ આવવુ, વડીલ ભોજાઇના બચાવ અરથ તેણે સ્ત્રી વેશ ધારણ કરવો ને દેશળને પેશ પહોચાડવો. પોતાને મળેલી પીરના લાકડીથી જીન પ્રગટ કરવો ને પોતાના બધુને મેળવવા વીનવવો માગણી ફળીભુત થવી એક બીજાના પાપ પ્રકાશ થવા શીવલી તથા દેશળનુ માર્યા જવુ. નિર્દયશકર દેરા પાર ચપકસીહને દીવાનાઇમાથી મુકત કરી તેમને મત્રળી પ્રપચ જાળ સમજાવવી ને પ્રધાન તથા સેનાપતિને બધન મુકત કરી પુન. રાજ્યાભિષેકના આનદમા અભિવૃધ્ધિ થવી ઇતિશમ્

કરાચી,
નેપીયર રોડ, રૂબી થીયેટર.
તા. ૮-૧૧-૧૯૧૦

સશોધક
કવિ ભાઈશકરજી વિ પંડિત
શ્રી સુંદર વિલાસ નાટક કપની.

મહારાજા અભયસિંહજી

નાટકનાં ગાયનો.

સુત્રધાર— નાન્દિ

નમું કરજોડીને શીવ સુતને (૨)
પ્રથમ સ્તુતી હુ કરૂ છુ તમતણી શુભમતી શુભ ગતી દ્યો અતી
યશ થતી ગણપતી વિઘ્ન દુર કરો સાહે થઇને —જોડીને૦
તમ શરણ છુ તવ ચરણ છુ દુ.ખ હરા,
તનથી મનથી ધનથી યાચીયે રાચીયે,
કરૂ સ્મરણ તુજ પ્રથમ કરજોડી દુદાળા, સુઢાળા ગજાનના,
કરજો અહીં સ્હાય સર્વને નમીએ તજી ગર્વને
સ્તવન તનથી અમન કરીયે સ્મરીયે ઉચરીયે તમને —જોડીને૦

દેશળ— ૨

માણુ જઇને પ્યારી મગ લ્હેરમા, વાહવા થઇશુ રાજા
આખા શહેરનારે .. . ... —માણુ૦
ભાગ્ય ખુલ્યુ આજ વાહ કરીશ રાજ રગે આનદે થઇ સૌનો
સીરતાજ,
પ્રથમ બતાવી પ્રેમ પ્યારીને કર લઇ, કાઢુ કાશળ પીતા પુત્રનુ
પળમહી,
ત્યારે સ્વતત્ર કરીશજ રાજ ... —માણુ૦

કળાવતી— ૩

લેલે ચુબન નફ્ટ નિમક હરામ... —લેલે૦
નીચમા નીચ તુ ધર ગુલામ, ભીડે છે કુતરા કોણુથી હામ,
થુથુ નફ્ટ લુણ હરામ .. ... લેલે૦

દેશળ—થઇ થઇ બહુ હાસી હવે પ્રિયનાર
કળાવંતી—ચુપ ગમાર નિકળ બહાર નહીં તો કરીશ ઠાર, ,
દેશળ—હાય? .. .. —ચુબન૦

અભયસિંહ— ૪

આહા ? ટેળસુ કરીને જાશે ઘરનો ગુલામ,
શુક ત.રી જાત થયો નિમક હરામ .. ... —ટેળ૦
પેરે પેરે પુછી લઇ સાબીતીજ કરૂ જઇ
ખરૂ ખોટુ કરી ફઇ મારૂ દાર પલમહી... —ટેળ૦
નારી મ્હારીનુ શુ નીચ નામ દઇ સૂખી થાય,
ગણી વિષધરનુ શુ ? મેડક લઇને જાય
ફુક મહી ફાટી જાય, ડગન આખુ ભગાય અસિથી ઉભો વઢાય
ભક્ષ ભૂમાને અપાય દાર કરૂ દાર, નવ લાગે પળવાર
પોહોચાડુ યમદ્વાર ત્યારે પામુજ કરાર
માહે જગરાયે કરી પુરે મમહામ, આહા ? — ટેળ૦

અભયસિંહ— ૫

ખીલી રહી ચપા કળી સુદર મનહર સુખકર બાગની મ્હાંય,
સારી સારી ખુસબો લેતા ત્યાય, પ્યારી પ્યારી દીલને શાતિ થાય
ન્યારી ન્યારી ખુબ ખીલી જુઇ જાય, ભારી ભારી ગુલ બગીચા મ્હાય . . — ખીલી૦
ફૂલ ફૂલે ઝુમખો ભર્યા અમન ચમન આનદ ભર્યા રે,
જાવુ જાવુ જલદી બાગની મ્હાય, આવી પનીયારી હસે ત્યાય .. — ખીલી૦
રૂમ ઝુમ કરતીઓ નારી, લટક મટક ફરતી પ્યારીરે,
આવી હશે ત્યા દુલારીરે, પાણી ભરવા દગારીરે —ખીલી૦

દેશળ— ૬

મત્ર જત્ર થકી બનાવુ દીવાનો રાય.
રગ ઝઘ વળતી કરીશ રાજ મ્હાય .. —મત્ર૦
પરવા નથીજ પછી કેઇ તણી મન મ્હાય,
હરવા આનદ સુખ જાવુ પ્યારી મ્હેલ માય .. —મત્ર૦

પનીયારીઓ - ૭

ચલો ચાલોરે સાહેલીઓ સથ પાણી ભરવાને,
લીઓ લીઓરે ઘડુલીઆ હાથ આનદ ધરવ ને.

હળતાં મળતાં વાતો કરતાં જળ ભરવાને માટરે,
જઇએ સૌ સાહેલી સંગે રંગે રમતા વાટ .. —પાણી ભરવાને૦
સુંદર મનહર બગીચા અંદર ફરતા સૌ સાહેલીરે,
રૂમ ઝુમ રૂમ ઝુમ ચંચળ ચાલો ચાલો સૌ અલબેલી —પાણી૦

અભયસિંહ— ૮

બની રહ્યો ગુલતાન ભાગી નારી બની રહ્યો ગુલતાન
ચાલતી માલતી વાણી મધુરે કેવી કરે છે ગાન —ભાળી૦
નીર ભરે છે ને નેહ કરે છે વાંકાં વાળીને વાન —ભાગી૦

પનીયારીઓ— ૯

ખસો ખસો કુંવરજી મારગ દઇએ હમનેરે
સ્યાણા છો સુલક્ષણા શું કહીયે તમનેરે —ખસો ખસો૦
છે રાજ તણીએ રીતી, પ્રજાપર રાખે પ્રીતી, નવધારો મન અનીતિ
ઉભાજી શરમાઇ આધીન થઇ હુકમનેરે . —ખસો ખસો૦
શીદ રોકોછો પરનારી, નહી સારી રીત તમારી,
મારગ મુકો વિચારી, સાખી રહીએ મોટા જાણી ખાઇ ગમનેરે ..
—ખસો ખસો૦

અભય-કેશરી—જો જાવુ હોય પનીયારી, તો નામ કહો ઝટ નારી.
પનીયારીઓ—કહીએ તે કેમ ઉચ્ચારી, હારી જાસુ નહિ તમારા
દેખી દમનેરે ... ... —ખસો ખસો૦
અભય-કેશરી—ઘનને મયુર ચહે જેમ જે પ્યારે તેમનમવાણ મધુરીરે
નામ એ નાર તણુ સુણવાને મુજ મરજી છે પુરીરે,
કહીદ્યો વાર થાયછ,
પનીયારી--નથી કહેતા પરનારી જોઇએ કેમ રોકાય છે,
અભયકેશરી—કહ્યા વિના હુ જોઉછુ ત્યારે કેમ જવાયછે,
પનીયારીઓ--બહુ ઝગડો થશે જારી, બહુ વિપીત થાશે ભારી
અભયકેશરી—કરવા છેયે તૈયરી, નામ કહ્યા વિણ ન જાવા
દઇશુ તમનેરે ... . —ખસો ખસો૦

શીવલી— ૧૦

હુ તો શીવલી સટાક મારૂ રંગીલુ નામ
કરૂ પટપટ પટાક કરવા દાવાનાં કામ

આનુ ચમકતી આલ પેહેરી ઝુમણાં ને ઝાલ,
જરા મલકાવી ગાલ કરૂ સૌને પાયમાલ—હું તો૦
ધુધરી ઘોડા વાકા પહેરી ઓઢું ચણું.યા ચીર,
નયન બાણુથી પળમા પાડુ મોહોટા ધારણુ ધીર,
આપે રોકડ જે દામ તેનાં પુરૂં મન કામ—હું તો૦

તારા લક્ષ્મી— ૧૧

અરે દુ:ખ કયાં હું ઉચ્ચારૂ રે બળે ભડકે મન મારૂ રે,
હું છુ સતી મને પતી મળ્યો પણ નાનકડો ભરથાર.
સસાર સુખમા સમજે નહિ માગે એળે ગયો અવતાર—અરે૦
આવી અહીં મને મારી તમાચો, ફુલાણો એ નિજ અંગ,
નાના છોકરૂમા રમતો ફરે હાય ? એથી શુ રમીએ રગ—અરે૦

તારા લક્ષ્મી— ૧૨

જળ ભરવા હુ ગઇતી રે સખી સગે મારી
આડા આવી કુવરજીરે રોકી સઉ પનીયારી,
સાહેલી સગે મળી ગયાતા ભરવા નીર,
પનઘટ પર પાણી ભરી લીધા ઘડુલા શીર,
પાછા વળતા મારગમારે કુવરજી ઉભા રહીને
રોકી રાખ્યા હમનેરે બે દરવાજા દઇને—જળ૦
મશ્કરી મારી કરી પુછ્યુ મારૂ જ નામ,
શરમાણી સઉ તે ઘડી સાહેલી તમામ
વિનવણી હમારીરે સુણી ન જરા જેણે,
નામ કહ્યું સખીયે રે, મારગ મુકયો તેણે—જળ૦

મહાજન— ૧૩

ચાલો ભાઈ દુખની વાતો (૨) જઇને કહી દઇએરે ભુપાળને,
કીધા ઇજ્જતના એણે કાકરા, રાડના બને કુવર છે બહુ લાઠ.
—ચાલો ભાઇ૦
માગરો અદલ ન્યાય આપણે, રાખની સરવે સંપની એકજ ગાંઠ
—ચાલો ભાઇ૦
મશ્કરા કરીને કય જનાર છે બચ્ચાને અનાવશુ વણિક હાક
—ચાલો ભાઇ૦

૩૨૪૭

દરબારીઓ— ૧૪

અમર રહો 'રાજની કાયા (૨) જગત જશ ગાય કુશળ રહો રાય;
કુશળ રહો રાય પ્રભુજી રહાય.
હરદમકારી વરસો વારો શાન્તિ શાન્તિ તણું હાં૦ ... —રહો૦

મહાજન— ૧૫

લાજ લીધી ઓ બાપ લાજ લીધી. તમ કુંવરે બે અદમી કીધી
—ઓ બાપ૦

અભયસિંહ ગયા પનઘટપર ફરવા, ફરવા શાના એ મશ્કરી કરવા,
સાભળ સાભળ તું બોલે છે શું કરવા, ઠઠ્ઠા કરે વહુ છોડીની ત્યાંય,
કહો કેમ ખમાય, —લાજ લીધી૦

કાળા કેર બન્ને કુંવરે કીધા, બેઉ દરવાજા બધ કરી દીધા, પછી
પનીયારી રોકવાને સીધા, આવી ઉભા મારગની મ્હાય, કહો કેમ ખમાય,
—લાજ લીધી૦

રોકી મારગમા સઉ પનીયારી. કીધી ઠઠ્ઠા બન્નેએ બહુ ભારી,
પુછ્યુ નામ એક નીહાળી નારી, એતો નેત્ર તણા નીર મોબે જાય,
કહો કેમ ખમાય —લાજ લીધી૦

જબરજસ્તીથી પુછ્યું છે નામ, હમે મળીને માહાજન તમામ,
ખાલી કરીએ છી તમારૂ ગામ
જઇને રહીશું બીજા શહેર માય, કહો કેમ ખમાય. —લાજ લીધી૦

ચંપકસિંહ— ૧૬

કપુત કુવર ઉઠયા કુચ્છંદી ફ઼દી કુળની માંહાંય,
પરનારી રોકી પનઘટ પર સુણતાં લાગે લ્હાય;
કલંક દીધુ ભારો થઇ દુષ્ટ મતી ન્યારી ... ... —કલંક૦
ઉઠયા અગારા એ મુજ કુળમા નામ લજાવ્યુ મારૂં
અસી મહીને હસ્તજ મ્હારે એના શીશ ઉતારૂ;
ખોઇ લજ્જા મ્હારી . . ... દેશપાર કરૂ આ વારી. —કલંક૦

ચંપકસિહ— ૧૭

ધીક કીધી બુદ્ધી શી આ નઠારી દુષ્ટ તમે કઇ ન વિચારી
નિજ આબરૂ વિસારી નીતી રાહ દીધી છોડી મુજ નિયમોને તોડી-ધીક૦
દુર દુર જા જરૂર નહિ તો કરથી ચુર કીધી છે અનિતી પુર,

હે નાદાન ભુલી ભાન કીધું કે ઘણું તોફાન લાજ વિનાના લંપટો
થવા અવિચારી ... ... —ધીક૦

કેશરીસિંહ— ૧૮

હું નિરદેશી (૨) હું નથી ચાલ્યો કુચાલ,
વણ વાંક મુજ રંકને નવ કીજે દેશ નિકાલ,
છોડ ગુલાબના (૨) નીજ કર પોષી મે રાર,
પ્રેમ તજી તેને નવ ચાંપો ધગધગતા અંગાર.
આટલી તકશીર (૨) આ વખતજ માફી કીજે,
કૃપા કરીને તમ ફિકરને, દેશવટો નવ દીજે.

ચંપકસિંહ— ૧૯

જા નફ્ટ નીડર સત્વર નિકળ નહિતો મારીશ ઠારરે, મારીશ ઠારેરે.
બેશર્મ કુકર્મ તજીને નિજધર્મ કરોડા વધુ વિચારે રે —જા નફ્ટ૦
લપટ લપટ છો તમે નિરલજ પીડો છો પ્રજાને ભારેરે,
ધિક્કાર ધિક્કાર છે દુષ્ટ તમોને જાઓ ન ઠગો આ ઠારેરે —જા નફ્ટ૦

દરબાર— ૨૦

અરર આ સજાય, ન રાય દેવાય (૨) કહીએ છીએ કરગરીને
દઇએ મારી દીલ ધરીને, કુંવરી દયાય, જાય લ્હાય થાય હાય (૨)
સુણતા આ સજાય, હૃદય ફાટી જાય, થર થર કંપે કાય... —અરર૦
કીશોર કુંવર જાય હાય હાય ભુમે તરશે જંગલ મ્હાંય બન્ને
બાળ દુખી થાય કોણુજ કરશે સ્હાય,
અવર શીક્ષા ચ્હાય, આપો એને રાય,
કહીએ લાગી પાય —અરર૦

અભય—કેશરી— ૨૧

બાપુએ બેહાલ કીધા દેશવટા અમોને દીધા વણુ વંક અવગુણ લીધા
ધિક્કાર ધીક્કાર થઇ ગયા કુચ્છદી હાય ઉઠે છે લ્હાય
દહન દીલ કીધા. —બાપુએ૦

અભયસિંહ—

કોમળ વ્હાલા કેશરી, રાખ નહીં મન ફાળ,

વીકટ વનમાં તાહેરી, લખ્રશજ હુ સભાળ,
સભાળ લખ્રશ તત્કાળ ફીકર તું ટાળ —ધીક્કારે૦
કેશરીસિંહ-માત મરી ગઇ આપણી, તજી તાતની પાસ,
તેણેતો અળગા કર્યા, હતી જેહની આશ
જેહની આશ તેણે નીરાશ કર્યા છે ખાશ.—ધીક્કાર૦

અભય—કેશરી— ૨૨

બેન બની બહુ માડી અમારી, સુગુના શું જગે સરૂ તાગી—બેન૦
દેશવટા હાયા દીધા પીતાએ આરોપ અમ શીર દીધા ભરી—બેન૦
ક્રુર વચનના પ્રહાર કરીને, ધીક્કાર દીધા ઘણા ધીકારો બેન૦

રૂપસુંદરી— ૨૩

આશુ વદોછો મારા બાંધવા હાય! વરનાયો કેરજી
કોપ્યા ઘણા કેમ તાતજી, આણી તમપર ઝેરજી—ક્રુર થયા કેમ તાતજી
એવો શો અપરાધ તમતણો, પડયો છે મારા વીરજી,
દેશવટારે શા કારણે દીધા દમવા શરીરજી, —ક્રુર૦
અભયસિંહ-કુડા કલંક ચઢાવ્યા, શીશ હમારે અજજી,
કુચ્છદી કુકર્મી કહીને કીધા હમોને તાતજી
જઇશુ જંગલ વહાલી બેનડી.
કેશરીસિંહ-જઇશુ જંગલ વ્હાલી બેનડી થઇ આજ્ઞા આધીનજી
રોમાં બેની મારી રાકડી રહેજે અત્રે થઇ દીનજી—જઇશું
રૂપસુંદરી-મુકી જાઓ મુને એકલી અહીં કોને આધારજી
આવીશ હું તમ સંગમા ભાઇ વન મોઝારજી
સુખ દુખમા થઇશ ભાગણી
અભય-કેશરી—આધાર શ્રી અવીનાશનો કરશે રક્ષાજ રામજી
પોષણ કરશે શ્રી નાથજી માટે ધરી હામજી,
—જઇશુ.

રૂપસુંદરી— ૨૪

મારા ચતુર શીરોમણી ભ્રાત વીદેશ જઇ વ્હેલા આવજો
મારા ભાઇ પત્ર પડાવજો, મારા વીરા પત્ર પઢાવજો
મારા બંધુ પત્ર પઢાવજો —મારા ચતુર૦

ત્યાં કરી ઘણાં શુભ કાજ ભાઇ શુભ ખબરે કહાવજો—મારા ભાઇ૦
રહી ક્ષત્રી ધર્મમા પુર સુરથી ડંકો બજાવજો —મારા ભાઇ૦

કળાવંતી— ૨૫

મમનાથ ન જાશે મુજને મુકીને વીકટ વનમાં
અભયસિંહ–પ્યારી શાન્ત થાઓ ધીરજ ધારીને તવ મનમાં
લગન કરીને હાલ હુ તુજને લાવ્યો છુ પ્રોયનાર
પણ સુખ નવ દીધુ કાંઇ તુજને ધીક ધીક મુજ અવતાર
—પ્યારી૦
કળાવતી—મીંઢળ કરથી છુટયાં નથીને આ શા મળીઆ ભોગ
કરમ કઠીણુ આ કેવુ હશે કે પડયો પતીથી વીયોગ
અભયસિંહ-શોક ન કર તુ વ્હાલી મારી ભર ન નયણે નીર
ભાવી હશે તો ફેર મળીશુ રહે તુ ધારી ધીર—પ્યારી૦
કળાવતી-ધીરજ તે શી રીતે ધરૂ નાથ વીના અનાથ
પ્રેમ કરી પ્યારી કોણ કહેશે ચાંપી રૃદીયા સાથ.
—મમનાથ૦



અંક બીજો.

કેશરીસિંહ— ૨૬

ફુટયું કર્મ માહેરૂ દુઃખ તાહેરૂ જોઇ બધુ મારા,
ક્યાં તુ મુજને મુકીને જતા રહ્યો પ્રાણ પ્યારા —ફુટયું૦
જળમધ્યે વાસો કર્યો તજી મુજને ભ્રાત,
વિયોગ ત્હારો વેઠતા થાશે મારી ઘાત.
મરી ગઈ છે માત વળી તાતે કીધા છેજ ન્યારા,
દઇને છેહ તુ પણ જાય શુ? આખોના તારા. —ફુટયું૦

ચંદ્રવદની— ૨૭

રંગીલા છેલા લાલરે (૨) પ્રીય મોહી છુ આપ સંગેરે, —રંગીલા૦
રહો રસીલા રંગેરે, રાખુ જતન કરીને મુજ પાસ,
લાલા રસમા ક્રીડાનુ થઈ દાસ, છે કામ પીડ ટળવાની આશરે—રંગીલા૦
કેશરીસિંહ—રસીલી પ્રાણ પ્યારી . . ..
ચંદ્રવદની— .. .. છે તમને વારી વારી
કેશરીસિંહ— કામણ ગારી છે ઠગારી નારીરે, ...
ચંદ્રવદની —જેવી તેવી પણ છુ તમારીરે, ...
કેશરીસિંહ—તુ છે અતિ પ્યારી મારી પ્રિય પ્રાણ .. ..
ચંદ્રવદની—વદો મધુરી મધુરી મુખ વાણ, રંગરસીયા છો અતિ સુખ ખાણરે.— રંગીલા૦

ચંદ્રવદની-- ૨૮

આવોજી પ્રીતમ પ્યારા, મનના માનીતા મ્હારા,
કોડીલા કામણગારા છો જાદુખોર ઠગારા,
ખીલ્યા અધરામ્રત ક્યારા, પીયોજી પ્રીતમ પ્યારા

કેશરીસિંહ- વાહ જોબન છાક છકેલી, ઘેલી મદમા માતેલી ... .
ચંદ્રવદની--કરશોમા હોશી મ્હારી .. ..
કેશરીસિંહ- . . .. .., ...અરે વાહ વ્હારે છણકારી
ચંદ્રવદની —અડશોમા કહુ છુ વારી,
કેશરીસિંહ- .અરે વાહ? નખરાદાર પ્યારી
ચંદ્રવદની–હવે ચાલો મોહન વર મારે રંગે, વ્હાલાજી પોઢું પ્રેમપલંગે

કેશરીસિંહ -ચલો ચાલો ચતુરા પ્યારી મારી છું તઇયાર,
ચંદ્રવદની-- ભલે ભલે પધારો પ્યારા ચાલો હઇયાહાર
છબીલા પ્યારા મનના માનીતા મ્હારા —આવોજી૦

જુવો— ૨૯

આવે અબા માડીરે (૧) વાઘેલની વઢીયાળીરે,
ઓઢી ચુદળ ચોળીર (૨) તુ આવે વુળજા ભોળીરે.
આવો અબા માડીરે (૨) ચઢાવુ ફુલની વાડીરે, —આવે૦

ચંદ્રવદની-- ૩૦

નામી શીશી નથને પાય લાગુરે કથ કૃપા પ્રભુ પાસ માગુ—નામી૦
ચર્ચી ચદન પુષ્પ વધાવુ રે ધોઈ ચરણ પતી ગુણ ગાઉ રે
અર્ઘ્યાદિક લઇ પાવન થાવુ —નામી૦
ઇશ સમજે પતિને ભાળેરે, પતીવ્રત ધરા પ્રેમે પાળેરે,
મોક્ષ મળશે તેને અતકાળે —નામી૦

ઉર્વશી-- ૩૧

કયાથી તમો આવીયા શી છે તમારી જાત
જલ્દી પાછા જાઓ નહીં તો થાશે પ્રાણઘાત
વાસ છે આ દૈત્યનો નથી કો બીજુ આહી
નીંદમા સુતો છે તેહ આ ગુફાની માહી
જાગશે આ વાર તો તે કરશે આપ હાણુ
વાટ સાધો આપની સુણીને મુજ વાણુ

ઉર્વશી-- ૩૨

ચાલો ચાલો ચતુર સુજાણુરે રગ ભીના રંગીલા છેલૈયા તમે
કોડ પુરશુ હમે પ્યાર પ્રાણુરે — ચાલો૦

અભયસિંહ—મારી ચચળ આખડી ફેંકે દ્રષ્ટી તીર,
યોવન કયારા ઉભર્યા ટપકે જોબન નીર

ઉર્વશી- પ્રેમ પ્યાલા ભરીને પાયેજી તમે, લ્હાવ લાખેણો લાભા
લીયોજી તમે, સુખ ભાણુરે —ચાલો૦

અભ્યાસ ૯— ૩૩

ચિત મધુરી ગુલવસિ, આહ હાહા ! ચિત મધુરી ગુલવસી૦
પ્રીય રજણી મન લોભાવે લલચાવે, પ્રેમ આવે, મન ભાવે અહી
હસી – આહા ! હા ! હા ! ચિત મધુરી,
હૃદય પવન કુંજ કળીયો હલાવે જાણે પ્રેમથી પાસ બેલાવે,
બેટુ જઇ ધસી (૨) પગાવે, ફરી ન આવે—આહાહાહા ચિત૦

સાહેલીઓ-- ૩૪

ચાલો ચાલો રમો રસીલી પ્યારી રંગ,
જોબનાઓ રમો રસીલી પ્યારી રંગ,
પ્યારી જાન (૩) જાન જાન જાન માહેરી —ચાલો૦
ચાલો ચાલો સખી સહુ રમીએ,
આલી આનંદ સુખમાં ગમીએ,
હરખ આજ (૩) આજ આજ આજ થાયરી — ચાલો૦

સાહેલીઓ - ૩૫

ઊઠોરે સાહેલીઓ, ઉઠોરે મોહનીઓ, સખી સાથ કરો વાત
સુખ સાય મન મ્હાય હોસ લાવીયેજ કયાય
ઉઠોરે અલબેલી નારી ઉઠોરે હાસીલી નારી
લાગે છે સુરત પ્યારા છે તમારી બલીહારી
નથી કો અવર નારી મુજ શું સ્વરૂપ ધરી
ઉઠો ઉઠો પ્યારી મારી તજો નીદરા તમારી
આવી છે સખીઓ વારી કરવા વિલાસ ભારી,
તમસંગ સુખકારા અમને થાએ છે સારો
જાગશુ, માગશુ ભાગશુ, તમશુ, રમશુ ગમશુ
ઉઠોરે સુશ્યાણી જો બહુ ગુણ ખાણી મધુરી છે વાણી
વરો પ્રીતી આણી.
નહીં, ઉઠી નહી ઉઠી નહી ઉઠી નહી,
ઉઠોરે ઉઠોરે અલબેલા, આનંદની હેલી, કરો મને મૈલી,
થારી રંગ રેલી,

થઇ મઝા થઇ મઝા થઇ મઝા થઇ, ગઇ છે ગઇ છે ઉંઘ એની
ગુલઝાર--આવો મ્હારી એની કરો સુખ ચેની,
હતી આશા જેની પુરી પ્રભુ તેની —છો.રે.

ગુલઝાર — ૩૬

તરૂણ વયમાં દીસે છે સોમળ કેવા, જાણે કામદેવ જેવા,
નથી કોઇ બીજા એવા, લાવુ મુજ મ્હલમા રહવા, હા હા હાં હાં,—તરૂણ૦
ચકોર ચીત્તડુ હર્યું છે તમે પ્રાણના પ્યારા
ક્યારે મળશો આ દાસીને આખોના તારા,
તલસાવી શુ દારા મળો ઝટ જીવન મ્હરા, હા હાં હાં હાં-તરૂણ૦
રસીલા રસમાં ઝીલાવુ જો ઇશ્વર મળો
છાના રહીને શા માટે પ્યારા હમને છળો,
આવો પ્રેમ ભેટ દેવા લાખેણો લ્હાવો લેવા હા હા હા હા —તરૂણ૦
જાવો સરવ સખીઓ શોધી લાવો એને
ગોતી કાઢીને પ્રેમમા ફસાવો તેને
લાવો મુજ પાસ રહેવા કરૂ ખુબ ખતે હેલા હાં હા હાં હાં,-તરૂણ૦

ગુલઝાર— ૩૭

રસીક મધુર ચાખનાર, દુર કયા થયો
નાખી મને મોહ પાસ, ચાલ્યો શુ ગયો —રસીક૦
આવીને અહિ તુ પ્રાણ મારો ગયો મે હરખાણુ,
લુટી મ્હરી રત્ન ખાણુ, લીધી તે આનદ લ્હાણુ,
દારાને દમી સુજાણુ, કયા જતો રહ્યો, —રસીક૦
આવ આવ પ્રણધાર. કયા ગયે કર ને પ્યાર
છેક તેં કરી લાચાર. મારી પ્રેમની કટ ર;
લાગી આર પાર રકાર, ટાગજે પડયો. —રસીક૦

સાહેલીઓ — ૩૮

ચાલો રંગીલાઓ પ્યારા છબીલા જરા શરમ નહિ રાખીએ,
નાજુક રસીલીનો પ્યારા છબીનાનો નથી ક મધુર રસ ચાખીએ.
બ ગે જઇએ અમર થઇએ, વ સ લઇએ, ન ન કહીએ, —ચલો૦
વાડી વેડા ખારી તેડા, પાર બેડા.

કુમ કુમ પગલે પધારીએ પ્યારા વિવિધ વૈભવ વારીએ ન્યારા.
પ્યારીનો પ્રેમ સુધારીએ વાલ્લા, રંગમાં રેન ગુજારીએ લાલા
ત્યાં ચાલો તો ખરા બહાર જુઓ તો ખરા ?
અભયસિંહ--એમજ?
સખીઓ- હાં ! હા ! ....—ચાલો.

૩૯

ગુલઝાર---આવો આવો મન માન્યા મોહન
સખીઓ-આવો આવો ન શરમાઓ જીવન,
ગુલઝાર- આજે ઉગ્યા મારે સોનાના દિન
વાહ પામી પીયુજીના દરશન,
અભયસિંહ-ત્યારે આ શું વદી હાંસી વચન,
ગુલઝાર -હાહારે મારા કોડીલા કથ
અભયસિંહ-મન મન મોંઘી માની નામે શું રચીને તારી
ગુલઝાર -વાહરે વાગ્મી કપટ,
અભયસિંહ . .. . હે . ...
ગુલઝાર—હ ચોર છો મરસમ ન,
અભયસિંહ—... .. ..હેં? ....
ગુલઝાર—જાઓ જાઓ જાએ જાઓ દુર થવો,
અભયસિંહ-આ જાઉં છું ? ....
ગુલઝાર—... ... ... આ જાશું ? ....
અભયસિંહ-આ ચાલ્યા ? ....
ગુલઝાર- .. ..હે? માર્યા ......આવો.



અંક ત્રીજો.

ઢોવા પટેલ-- ૪૦

ઓ જક્ષણો કુભારજાઓ રાડ કા કરો
કરી ભવાઇ કરકશા કકાથ કા કરો.

દાશદાસ—કરીને માગ મર ભાર શને પરહરો

ઢોવા પટેલ—જાઓ ઘરની બહાર પડી અને જણુ મરો

ઢો૦ દા૦—ચાલ જા અહીંથી ઝટ બહારે ઝટ બહારે ઝટ બહારે,

શીવલી—મગી ગયા ઓ બાપ મરે આ મારે ઓ મારે

ચમકચપળા-વાહ સાસુજી હાહારે હાહારે હાહારે

શીવલી—આ પીટડીઓ તો રોજ મને બહુ મારેરે,
ફાટી મુવો જરા દયા નવ ધારેરે,
ડોકરીઓ પણ લેશ એને નહીં વારેરે,

ઢોવાપટેલ—મારો ખુબ એ જક્ષણીને ભારેરે

સર્વે—ગડદા પાટુ ઢીચણુ મારો, કુભારજાને કુટી બાળો,
મશાણુમા અને પડાચાડો, ધબે ધબ .. ..—આ પીટડીઓ૦

દશાળ— ૪૧

એસાકુ જેલમારે બનેને અવર. વા ?? વા ??
પડયા છે રહેલમારે પડ પાસા પોબર. વા ?? વા ??
પછી ભૂપાળ થાવુ, હુકમ પોતે ચલાવુ,
આહા હા ? ભાગ્ય મારૂ ખુલ્યુ છે નીરધાર -વા ?? વા ?? એ૦
રાજાને પણુ પછી જકડુ જબ્બર, એસુ થઇને ત્યારે હુ મોટોમીર,
બાધુ કોટા મ્હોટા મ્હોટા સરવે ખોટા ગડબડ ગોગા હુઆ -એસાકુ૦

ગુલઝાર— ૪૨

રસીયાજી ચાહ રોસાઓ છો, બે લોને મ્હારા સમ મ્હારા સમ છે

અભયસિંહ—નહી નહી પ્યારી નારી તુ તો મારા ચીતડાની
ચિત રમ્ય છે ચિત રમ્ય છે —રસીયાજી૦

મીઠા બોલી બાળા ચતુરાઇ ચાળા કરે હાંસી ટાળા
વા આ આ આ આરે રૂપાળી સતી, નવ ખામી રતી,

ગુલઝાર—સ્વામી સેવા ચિત્ત ચાહી નિત્ય નિત્ય ગોવિંદના ગીત ગાંને
તેને ધન્ય લાખો ધન્યછે૦

અભયસિંહ—ત્હારા જેવી શીયળ ધારી નારો મળે સફળ તેનુ
તન તેનુ તનછે. —રસીયાજી૦
સુંદરી તુ તો મારી પ્રાણછો, ...

ગુલઝાર—વ્હાલા તમ પણ સુખ માણજો —રસીયાજી૦

ગુલઝાર— ૪૩

પાલવ છોડો પ્યારા મ્હારા, જોશે કોઇ જન વ્હાલા,
જોશે કોઇ જન વ્હાલા, શરમાવો ન જાવો ઠાલા —પાલવ૦

અભયસિંહ—આમ શુ કરે અલબેલી ગોરી શુ થાયછે ઘેલી,
ટપકે ઝર્ણું યોવન વેલી પાવો પ્રેમ રસ પ્યાલા,
—પાલવ૦
તારૂણી શ્યાને તલસાવો . .. ...

ગુલઝાર— ... .સ્વામી છોડો અધા જાવો, ...
ઘેલા આમ શુ થાવે . ..

અભયસિંહ— . .પ્યારો વગે પ્રેમ ભાલા —પાલવ૦
માનુની જાવોને મતી દારાના થાઓ દીવાની,

ગુલઝાર—તાબેદાર છુ સદાની, અતો ભેટ આપુ લાલા —પાલવ૦

દેશાળ— ૪૪

પકડુ જકડુ બાંધુ જમને પાપાને આવાર,
કબજ કરી દઉં કપટ કરીને નાખુ કેદ મે ઝાર
છળ બળ કળના ગોળાઓ ગબડાવુ દારો ઠાર
લકકડ મકકડ વળગાડી પાડુ મુજ મતલબ પાર
રાજ કરી લેવુ છે તાબે કરી સઘવને પાર,
પછી તખતપર બેસુ થઇને આનમનો સરદાર. —પકડુ૦

દેશાળ— ૪૫

કહોજી કાસો કેવો, ખરો સુખનો આ સમજી લેવો
જુદા બોલા જેઓ, જગમાં સુખીયા છે સરવે તેઓ,

કીસ્મતનો કેવો ઠાઠમાઠ. લીધું છે હાથે રાજપાટ,
બનવાનો હું તો મ્હોટો લાટ જો જો બદ્ધાનો ઠાઠ,
એને કાઢયા છે વન, એને કીધા બંધન
રાજાનુ માંડુ તન વાહ? દેશગજી મનરંજન —કહો૦

કળાવંતી— ૪૬

છળી મરૂ હું જોઇ વનને, નહીં દેખું હું નજરે ભુવનને
મ્હારા ભુવનને જોઈ વનને ... .—છળી૦
સુતી હતી હુ રંગ મ્હેલમાં, લ્હેરો ખાતી પવનને.
ત્યાથી કેમ કરી અહીં આવી, સમજ પડે નહીં મનને—છળી૦
હાય! ભયંકર શબ્દો પશુના શ્રવણ કરી મુજ કરણે,
થરર કાળજુ થાયછે મ્હારૂ, કંપ છુટે છે તનને —છળી૦

કળાવંતી— ૪૭

અરે જે નિમકહરામી કરે, નિશ્ચે નર્કે જઇને તે ઠરે
પાપીઆ પાપી પગલા ભરે, કહો? કેમ ભવસાગર એ તરે
જાણી જોઇને તુ શીદને મરે (૨) અગ્ના જવાળામા શીદને પડે-અરે૦
બીજ હરામી જેણે વાવ્યાં, કહે કોણ જગમા તે ફાવ્યા,
આયુષમાથી દીન કપાવ્યા, જમના તેડા તેને આવ્યા
ત્યારે સમજ્યા અરે? .. ..—નિશ્ચે૦
જેમ શ્વાન હડ્ડી ચાટે છે, લ્હેજત નિજ રકતની લેછે,
ઝેરી ઝાડના જેવા મેવા, હરામના ફળ સમજે તેવા,
મુરખ તુ શીદ મરે ... ... —નિશ્ચે૦

સર્જુ— ૪૮

આભાર ધર્મ સુત પ્રભુ આપનો ન વિસરૂ,
ભાગી વિયોગ દુઃખ મેળવ્યા રૂ, બ, રૂ—આભાર૦
પડ આપનાં અનેક મસ્તક માર થયાં,
આશરો નથી હમારો સાટુ વાળવા, ખરૂ ... — આભાર૦
જગતના આધાર છોજ આપ એક ઇશ્વરા,
આપના પ્રતાપથી હુ અમન ચમનમાં ફ...રૂ ..— આભાર૦

પાપ છે અમાપ અમ માફ તે કરી વિભુ,
હવે શરણ આપના ચરણમાં આવી ઠ.. રં.. — આભાર૦

સર્વે પાત્રો ૪૯

મોહ છે મોક્ષ મનુષ્યનો અવનીમાં એક, નેકથી, ટેકથી વાહવા,
વાહવા ... ... — મોક્ષ છે.
નર્ક છે નર્ક દુરીજનને સદાએ છેક પાપથી શાપથી ... —મોક્ષ૦
હરી કીરતન મન પ્રસન્ન કરીલો રટણ નામ થકી ભવને તરીલો
નીત્રામ લામ તનતન અમન ચમનમા,
સુખ છે સત્યથી, સત્યથી, વાહવા ... ... — મોક્ષ છે૦

સમાપ્ત.

જાહેર ખબર.

શ્રી સુરત 'સુંદર' વિલાસ નાટક કંપનીએ

પ્રગટ કરેલાં પુસ્તકો

પ્રહ્લાદ વિજય નાટક (ભાષણ સહિત)	૦
પવિત્ર લક્ષ્મી નાટકનાં ગાયનો	૦
ગુલબકાવલી નાટકનાં ગાયનો	૦
મદન ચંદ્રિકા નાટકનાં ગાયનો	૦
હંસા કુમારી નાટકનાં ગાયનો	૦-૨-
અભયસિંહ નાટકનાં ગાયનો ..	૦-૨-
કર્મ ફળ નાટકનાં ગાયનો	૦-૨-
નરસિંહ મહેતા નાટકનાં ગાયનો	૦-૨-
શેઠ સગાળશાહ નાટકનાં ગાયનો	૦-૨-
શ્રી કૃષ્ણ-સુદામા નાટકનાં ગાયનો	૦-૨
મહા કવિ કાળીદાસ નાટકનાં ગાયનો	૦-૨-
રાજ રતન નાટકના ગાયનો	૦-૨-
પ્રહ્લાદ વિજય નાટકનાં ગાયનો	૦-૨-
કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૧લો) ...	૦-૨-
જાળંધર અને સતી વૃંદા નાટકનાં ગાયનો ..	૦-૨-
કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૨જો) ...	૦-૨-
ભકતરાજ બોડાણો નાટકનાં ગાયનો	
શ્રીમતિ શરલા દેવી નાટકનાં ગાયનો .	

વડતાલ નિવાસી કવિ ભાઇશંકરજી વિ. પં ... ત

આયુર્વેદાદિત્ય (વૈદકનો અમુલ્ય ગ્રંથ) ... . -

લિમજગ બહાદુર (એક સાક્ષરનું જીવન ચરિ ... -

સ્ટોરીયાવિરહ, — વિહાગીવિરહ, — પ્રુફ ... સા

કાળનોકઠાપો. -કુમારજા,-મેઘદુત-વગે ... સિ

અમારી ઓફીસમાંથી રોકડી કી- ... મંગ

ની શકશે